# BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH

[Gujarat Public Universities Act No. 15/2023]
Government Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-268140 Cultutal.bknmu@gmail.com registrar@bknmu.edu.in


No.Bknmu/Cultural Cell/54/2026 Date:- 25-09-2026

**પરિપત્ર :-** **"કલા ઉત્સવ – ૨૦૨૬"ની સામાન્ય શરતો/નિયમો :-**

1) (AIU) યુવક મહોત્સવ માર્ગદર્શિકાનાં સામાન્ય નિયમો મુજબ ૧ જુલાઇ, ૨૦૨૬નાં રોજ જેની **ઉંમર ૨૫ વર્ષ ન થતી હોય** તેવા વિધાર્થીઓ ભાગ લઇ શકશે. **(૨૫ વર્ષથી ઉપરની ઉંમરનાં વિધાર્થીઓ ભાગ લઇ શકશે નહિ** )
2) ઉમરનાં પુરાવા તરીકે સ્પર્ધકનું લીવિંગ સર્ટીફિકેટ, આધાર કાર્ડ પ્રવેશ ફોર્મ સાથે જમા કરાવવાનું રહેશે.
3) ઓનલાઈન એન્ટ્રી ફોર્મ તા.૨૨/૦૯/૨૦૨૬ થી ૦૨/૧૦/૨૦૨૬ ને સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં રૂપિયા ૫૦૦/- એન્ટ્રી ફી જમા કરવાની રહેશે. ત્યારબાદ આવેલી એન્ટ્રી ધ્યાને લેવામાં આવશે નહિ તેમજ અધૂરી માહિતી ભરેલા ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ.
4) દરેક સંસ્થાઓએ ઓછામાં ઓછા એક અને વધુમાં વધુ ત્રણ (૦૩) ટીમ મેનેજરોની નિમણુંક કરવાની રહેશે.
5) એક વિધાર્થી સ્પર્ધક વધુમાં વધુ ૩ સ્પર્ધામાં ભાગ લઇ શકશે.
6) તમામ સ્પર્ધાઓમાં માત્ર ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ ખાતે નોંધાયેલ વિધાર્થીઓ જ ભાગ લઇ શકશે.
7) યુવક મહોત્સવ **" કલા ઉત્સવ – ૨૦૨૬"** સ્પર્ધાત્મક હોઈ, **જે સ્પર્ધા માટે ૩ થી ઓછી એન્ટ્રી આવશે તે સ્પર્ધા આપોઆપ રદ** થશે.
8) નૃત્ય વિભાગની સ્પર્ધાઓમાં ફિલ્મી ગીતો કે અન્ય રેકર્ડ/સીડી ઉપર નૃત્ય રજૂ કરી શકાશે નહિ.
9) યુવક મહોત્સવ "કલા ઉત્સવ – ૨૦૨૬" નાં આયોજન તેમજ અન્ય સૂચનાઓ માટે દરેક સંસ્થાઓનાં ટીમ મેનેજરશ્રીઓની મીટીંગ **તા: ૦૫/૧૦/૨૦૨૬નાં રોજ બપોરે ૩:૦૦ કલાકે** ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ ખાતે રાખવામાં આવેલ છે, જેમાં ટીમ મેનેજરશ્રીઓએ ઉપસ્થિત રહેવું.
10) પ્રત્યેક સંસ્થાએ સ્પર્ધકોનો અને સાથે આવનાર ટીમ મેનેજરનો આવવા – જવાનો તથા રહેવા જમવાનો ખર્ચ સ્વયં ભોગવવાનો રહેશે અથવા યુનિવર્સિટી દ્વારા જે વ્યવસ્થા હશે તેને સહયોગ આપવાનો રહેશે.
11) સ્પર્ધક ભાઈઓ તથા બહેનોની રહેવા માટેની વ્યવસ્થા યુનિવર્સિટી તરફથી કરવામાં આવશે તેમજ જે સ્પર્ધકો અને ટીમ મેનેજરોની રહેવા જમવાની વ્યવસ્થા કરવાની હોય તેઓની માહિતી નીચે આપેલ ફોર્મેટમાં ઇ-મેઇલ આઇ.ડી ઉપર **તા:૦૨/૧૦/૨૦૨૬** સુધીમાં મોકલી આપવાની રહેશે.

| કોલેજનું નામ | સ્પર્ધક બહેનોની સંખ્યા | સ્પર્ધક ભાઈઓની સંખ્યા | ટીમ મેનેજર |
|---|---|---|---|
| | | | |

12) ટીમ મેનેજરો અને સ્પર્ધકોએ **પોતાનું આઈ – કાર્ડ સાથે રાખવાનુ રહેશે,** જે સ્પર્ધાના સમયે સબંધિત અધિકારીને બતાવવાનું રહેશે.
13) યુવક મહોત્સવ સ્પર્ધા શરૂ થતા પહેલા કે સ્પર્ધા શરુ હોય ત્યારે કોઈપણ પ્રકારનાં વિરોધ/વાંધા/આપત્તિ હોય તો જે તે સંસ્થાના **ટીમ મેનેજરશ્રીએ ડિપોઝીટ નાં રૂ.૫૦૦/- (પાંચસો રૂપિયા) ભરી લેખિતમાં પોતાની રજૂઆત કરવાની** રહેશે. જેનો **ઉકેલ લવાદ સમિતિ દ્વારા કરવામાં** આવશે.

14) યુવક મહોત્સવ દરમ્યાન જો કોઇ સ્પર્ધક કે સંસ્થા અશિસ્તનું આચરણ કરશે, અશોભનીય વર્તન કરશે કે અવ્યવસ્થા ઉભી કરવાનો પ્રયાસ કરશે તો તેવા સ્પર્ધક કે સંસ્થા સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

D. H [signature]

**ચીફ કો-ઓર્ડિનેટર,**
**"કલા ઉત્સવ – ૨૦૨૬"**
**યુવક મહોત્સવ**

15) યુવક મહોત્સવ **"કલા ઉત્સવ – ૨૦૨૬"**માં પ્રથમ, દ્વિતીય અને તૃતીય આવનાર સ્પર્ધકો/સંસ્થાઓને અનુક્રમે ચેમ્પિયનશીપ, ફર્સ્ટ રનર્સઅપ અને સેકન્ડ રનર્સઅપ જાહેર કરવામાં આવશે, જેનું ગુણાંકન નીચે મુજબ થશે.

| સામૂહિક સ્પર્ધાઓ | |
|---|---|
| પ્રથમ | ૧૦ પોઈન્ટ |
| દ્વિતીય | ૦૫ પોઈન્ટ |
| તૃતીય | ૦૩ પોઈન્ટ |

| વ્યક્તિગત સ્પર્ધાઓ | |
|---|---|
| પ્રથમ | ૦૫ પોઈન્ટ |
| દ્વિતીય | ૦૩ પોઈન્ટ |
| તૃતીય | ૦૧ પોઈન્ટ |

વિશેષ માહિતી અને માર્ગદર્શન માટે cultural.bknmu@gmail.com ઉપર ઈ-મેઈલ દ્વારા અથવા યુવક મહોત્સવનાં "કલા ઉત્સવ –૨૦૨૬"ના ચીફ કો-ઓર્ડિનેટર **ડૉ. દીનાબેન એચ. લોઢીયા (મો.૯૨૨૮૧૨૪૨૧૨)**નો સંપર્ક કરવો.
વધુ વિગતો હવે પછી સમયાંતરે વેબસાઈટ પર મુકવામાં આવશે, જેની નોંધ લેવી.

## -: "કલા ઉત્સવ – ૨૦૨૬" સ્પર્ધાની નિયમાવલી" :-

### ( I ) સંગીતવિભાગ :

#### (૧) શાસ્ત્રીય કંઠ્ય સંગીત (Classical Vocal Solo) Hindustani or Karnatak) :-

1) દરેક કોલેજમાંથી ફક્ત એક જ એન્ટ્રી સ્વીકારવામાં આવશે.
2) વધુમાં વધુ **બે સહાયકો** રાખી શકાશે.
3) હિન્દુસ્તાની, કર્ણાટકી સંગીતની કૃતિની રજૂઆત કરવાની રહેશે.
4) સ્પર્ધાની સમયમર્યાદા **૧૦ મિનિટની** રહેશે.
5) સિનેમામાં આવતી કૃતિઓ રજુ કરી શકાશે નહિ.
6) ગીતોની પસંદગીમાં વિચાર અને વસ્તુને અગ્રતા આપવામાં આવશે.
7) આ સ્પર્ધામાં સ્વર, તાલ, રાગની પસંદગી અને કમ્પોઝીશન વગેરે બાબતોને નિર્ણાયક પ્રાધાન્ય આપશ
8) વાજિંત્રો **સ્પર્ધકે પોતાના લાવવાના** રહેશે.
9) વધુ માહિતી માટે AIUની વેબસાઈટ પર અંગ્રેજી નિયમોનો અભ્યાસ કરવો.

#### (૨) શાસ્ત્રીય વાદ્ય સંગીત (તાલવાદ્ય) (Classical Instrumental Solo) (Percussion) :-

1) દરેક કોલેજમાંથી **ફક્ત એક જ એન્ટ્રી** સ્વીકારવામાં આવશે.
2) વધુમાં વધુ **બે સહાયકો** રાખી શકાશે.
3) સ્પર્ધકે **વાદ્ય-સાધન પોતાનું લઈ** આવવાનું રહેશે.
4) હિન્દુસ્તાની અથવા કર્ણાટકી શૈલીની કૃતિ રજૂ કરી શકાશે.
5) તાલ, કમ્પોઝીશન અને સમગ્ર રજૂઆતની કક્ષાને ધ્યાનમાં લઈને નિર્ણય આપવામાં આવશે.
6) આ સ્પર્ધાની **સમયમર્યાદા ૧૦** મિનિટની રહેશે.
7) વધુ માહિતી માટે AIUની વેબસાઈટ પર અંગ્રેજી નિયમોનો અભ્યાસ કરવો.

**(૩) શાસ્ત્રીય વાદ્ય સંગીત (સ્વરવાદ્ય) (Classical Instrumental Solo) (Non-Percussion) :-**

1) દરેક કોલેજમાંથી **ફક્ત એક જ એન્ટ્રી** સ્વીકારવામાં આવશે.
2) વધુમાં વધુ **બે સહાયકો** રાખી શકાશે.
3) સ્પર્ધકે પોતાનું વાદ્ય-સાધન લઈ આવવાનું રહેશે.
4) ભારતીય રાગ શૈલીની કૃતિ રજૂ કરી શકાશે.
5) હિન્દુસ્તાની અથવા કર્ણાટકી શૈલીની કૃતિ રજૂ કરી શકાશે.
6) સ્વર, તાલ, રાગની પસંદગી, કમ્પોઝીશન તથા સમગ્ર રજૂઆતની કક્ષાને ધ્યાનમાં લઈને નિર્ણય આપવામાં આવશે.
7) આ સ્પર્ધાની **સમયમર્યાદા ૧૦ મિનિટની** રહેશે.
8) વધુ માહિતી માટે AIUની વેબસાઈટ પર અંગ્રેજી નિયમોનો અભ્યાસ કરવો.

**(૪) પશ્ચિમી વાદ્ય સંગીત (Western Instrumental Solo) :-**

1) દરેક કોલેજમાંથી **ફક્ત એક જ એન્ટ્રી** સ્વીકારવામાં આવશે.
2) વધુમાં વધુ **બે સહાયકો** રાખી શકાશે.
3) સ્પર્ધકે **વાદ્ય-સાધન પોતાનું** લઈ આવવાનું રહેશે.
4) સ્પર્ધક **કોઈ પણ પશ્ચિમી શૈલીની કૃતિ** રજૂ કરી શકશે.
5) તાલ, લય અને સમગ્ર રજૂઆતની કક્ષાને ધ્યાનમાં લઈને નિર્ણય આપવામાં આવશે.
6) આ સ્પર્ધાની સમયમર્યાદા ઓછામાં ઓછી ૦૪ મિનીટ અને વધુમાં વધુ ૦૬ મિનીટ ની રહેશે.
7) વધુ માહિતી માટે AIUની વેબસાઈટ પર અંગ્રેજી નિયમોનો અભ્યાસ કરવો.

**(૫) હળવું કંઠ્ય સંગીત (Light Vocal Indian) :-**

1) દરેક કોલેજમાંથી **ફક્ત એક જ એન્ટ્રી** સ્વીકારવામાં આવશે.
2) વધુમાં વધુ **બે સહાયકો** રાખી શકાશે.
3) સ્પર્ધાની સમયમર્યાદા **ઓછામાં ઓછી ૦૪ મિનીટ અને વધુમાં વધુ ૦૬ મિનીટ** ની રહેશે.
4) સિનેમા સિવાયની **પ્રાચીન-ગીત, ગઝલ, ભજન, અભંગની કૃતિ** રજૂ કરી શકાશે.
5) આ સ્પર્ધામાં સ્વર, તાલ, કમ્પોઝીશન વગેરે બાબતોને નિર્ણાયકો પ્રાધાન્ય આપશે.
6) વધુ માહિતી માટે AIUની વેબસાઈટ પર અંગ્રેજી નિયમોનો અભ્યાસ કરવો.

---

**(૬) પશ્ચિમી વ્યકિગત કંઠ્યસંગીત (Western Vocal Solo) :**

1) દરેક કોલેજમાંથી ફક્ત **એક જ સ્પર્ધક ભાગ લઈ શકશે**.
2) મંચ/સાધનની **ગોઠવણ માટે વધુમાં વધુ બે મિનિટ** મળશે.
3) સ્પર્ધક સાથે **બેથી વધુ સહયોગી** રાખી નહીં શકાય.
4) રજૂઆત માટે સમયમર્યાદા **ઓછામાં ઓછી ૦૪ મિનીટ અને વધુમાં વધુ ૦૬ મિનીટ** ની રહેશે.
5) **ગીતની ભાષા ફક્ત અંગ્રેજી હોવી** જોઈએ.
6) નિર્ણયનો આધાર ગીતની રચના, ધૂન, સમન્વય અને સામાન્ય અસર પર રહેશે.
7) વધુ માહિતી માટે AIUની વેબસાઇટ પર અંગ્રેજી નિયમોનો અભ્યાસ કરવો.

**(૭) સમૂહગીત (Group Song) (INDIAN):**

1) આ સ્પર્ધાનો **સમય ૧૦ મિનિટનો** રહેશે.
2) બે સમૂહગીત રજૂ કરવાના રહેશે. જે પૈકી **એક લોકગીત** હોવું જ જોઈએ. તેમજે એક **ગીત દેશભક્તિ** હોવું જોઈએ.
3) સમૂહગીતના ગાયક **કલાકારની સંખ્યા વધુમાં વધુ છ** રાખી શકાશે.
4) ગાયક કલાકાર ઉપરાંત **વધુમાં વધુ ત્રણ સાજીંદા** સમૂહગીતમાં ભાગ લઈ શકાશે.
5) ગીત **ગુજરાતી** અથવા **હિન્દી** ભાષામાં રહેશે.
6) ગીત/કૃતિમાં સૌરાષ્ટ્રની અસ્મિતાનાં દર્શન થતાં હોય તેવી કૃતિની વિશિષ્ટ છાપને ગુણ ગણતરી વખતે ધ્યાનમાં લેવામાં આવશે.
7) સમુહગીતની આ સ્પર્ધામાં સિનેમાનાં કોઈપણ ગીતનો સમાવેશ કરી શકાશે નહિ.
8) મૂલ્યાંકનમાં ગાયનની ગુણવત્તાને જ ધ્યાનમાં લેવામાં આવશે. મેકઅપ, પહેરવેશ, સાજ, સજાવટ, પ્રકાશ વ્યવસ્થા વગેરેને પ્રાધાન્ય અપાશે નહીં.
9) વધુ માહિતી માટે AIUની વેબસાઇટ પર અંગ્રેજી નિયમોનો અભ્યાસ કરવો.

**(૮) સમુહ ગીત (પાશ્ચાત્ય) (Western Group Song) :-**

1) સંસ્થા દીઠ **એક જ વૃંદ/ગૃપ** ભાગ લઈ શકશે.
2) ગાયક **વૃંદ/ગૃપમાં વધુમાં વધુ છ ગાયકો માન્ય** રહેશે, જ્યારે સંગીત વાધોના **સહાયકો વધુમાં વધુ ત્રણ** માન્ય રહેશે.
3) સમુહ **ગીત અંગ્રેજી ભાષામાં** હોવું જોઈએ.
4) મંચ/વાજિંત્ર ગોઠવવા માટે વધુમાં વધુ ૫ મિનિટ મળશે, જ્યારે સમૂહગીત માટે મહત્તમ સમયમર્યાદા ૧૦ મિનિટની રહેશે.
5) આ સ્પર્ધાના નિર્ણય માટે ગાયનની ગુણવત્તા ધ્યાને લેવાશે, વેશભૂષા કે હલન ચલન ધ્યાને નહિ લેવાય.
6) વધુ માહિતી માટે AIUની વેબસાઇટ પર અંગ્રેજી નિયમોનો અભ્યાસ કરવો.

**BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH**
[Gujarat Public Universities Act No. 15/2023]
Government Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 : Cultural.bknmu@gmail.com : registrar@bknmu.edu.in

---

**(૯) લોકગીત (Folk Song) :-**

1) દરેક કોલેજ આ **સ્પર્ધા માટે માત્ર એક સ્પર્ધક પસંદ** કરી મોકલી શકશે.
2) લોગીતમાં **પ્રચલિત લોકગીત, લગ્નગીત, હાલરડાં, ખાયણાં, પૂજા- અનુષ્ઠાન ગીતોનો** સમાવેશ થાય છે .
3) આ સ્પર્ધામાં લોકગીતની કોઈ એક કૃતિ રજૂ કરી શકાશે.
4) આ સ્પર્ધાની **સમયમર્યાદા ૦૭ મિનિટની** રહેશે.
5) લોકગીત રજૂ કરનાર **સ્પર્ધકે અપ્રચલિત લોકગીત શોધીને રજૂ કરવું એ ઇચ્છનીય** ગણાશે.
6) લોકગીતની રજૂઆતમાં સમુહની જરૂરિયાત જણાતી હોય તો સમુહગીતની ટુકડીની મદદ લઈ શકાશે.**( માત્ર સહાયતા )**
7) વાજિત્રમાં **માત્ર રિધમનો આશરો લઈ** શકાશે. ( તબલા, ડ્રમ્સ, ઢોલક અથવા મેટ્રોનોમનો ઉપયોગ કરી શકાય. )
8) સ્પર્ધામાં વાજિંત્રને મુખ્ય આધાર ન બનાવી શકાય. ( સંગીત વધ્યો માત્ર રિધમિક ચાલશે, વગાડવું વર્જિત રહેશે.)
9) કોઈપણ **કવિ રચિત રચનાનો સમાવેશ લોકગીતમાં થતો નથી**.

**(૧૦) ભજન – ( ફક્ત આંતર કોલેજ માટે ):-**

1) દરેક કોલેજ આ સ્પર્ધા માટે માત્ર એક જ સ્પર્ધક પસંદ કરી મોકલી શકશે.
2) આ સ્પર્ધામાં **ભજનની કોઈ એક કૃતિ રજૂ કરી** શકાશે.
3) આ સ્પર્ધાની **સમયમર્યાદા ૭ મિનિટની** રહેશે.
4) ભજનની રજૂઆતમાં સમુહની જરૂરિયાત જણાતી હોય તો ટૂકડીની મદદ લઈ શકાશે. **( માત્ર સહાયતા )**
5) વાજિત્રમાં **માત્ર રિધમનો આશરો લઈ** શકાશે,( તબલા, ડ્રમ્સ, ઢોલક અથવા મેટ્રોનોમનો ઉપયોગ કરી શકાય. )
6) સ્પર્ધામાં વાજિંત્રને મુખ્ય આધાર ન બનાવી શકાય. ( સંગીત વધ્યો માત્ર રિધમિક ચાલશે, વગાડવું વર્જિત રહેશે.)

**(૧૧) દુહા-છંદ ( ફક્ત આંતર કોલેજ માટે ) :-**

1) આ સ્પર્ધામાં દરેક કોલેજમાંથી એક સ્પર્ધક ભાગ લઈ શકશે.
2) સ્પર્ધાની સમયમર્યાદા ત્રણ થી પાંચ મિનિટ રહેશે.
3) આ સ્પર્ધામાં કોઈપણ પ્રકારના સાજિંદા કે સહાયકો માન્ય નથી.
4) આ સ્પર્ધામાં માત્ર દુહા – છંદની રચનાઓ જ ગાઈ શકાશે.

**(૧૨) સમુહ લોકવાદ્ય સંગીત ( Folk Orchestra ) :-**

1) પ્રત્યેક કોલેજ **ફક્ત એક વૃંદ/ગ્રુપ મોકલી** શકશે.
2) પ્રત્યેક **ટીમમાં ૧૨ જેટલા સ્પર્ધકો ભાગ** લઈ શકશે.
3) પ્રત્યેક ગ્રુપમાં બધા જ છોકરાઓ અથવા છોકરીઓ અથવા **બન્ને એક સાથે એ રીતે** ભાગ લઈ શકશે.
4) સ્પર્ધાની સમય મર્યાદા **ઓછામાં ઓછી ૭ મિનીટ અને વધુમાં વધુ ૧૦ મિનીટ** રહેશે.
5) પ્રસ્તુતિની **તૈયારી માટે ૫ મિનિટથી વધારે સમય નહિ** મળી શકે.
6) વધુમાં વધુ **૩ વ્યાવસાયિક વાદકો રાખી શકાશે**. એ વાદકોએ પોતાની સરળ ઓળખ માટે સ્પર્ધક વિદ્યાર્થીઓ કરતા અલગ પ્રકારના વસ્ત્રો (ડ્રેસકોડ) પહેરવાનો રહેશે.
7) વ્યાવસાયિક વાદકોએ બેઠાં બેઠાં કે ઊભાં ઊભાં સ્પર્ધકોથી અલગ રહીને પ્રસ્તુતિ કરવાની રહેશે અને તેઓ ટીમનું નેતૃત્વ નહીં કરી શકે.
8) ટીમ દ્વારા એવું લોકસંગીત પ્રસ્તુત થવું જરૂરી છે, જે લોકસંગીત તરીકે માન્ય હોય અને જે તે યુનિવર્સિટીના રાજ્યની વિસ્તારની અથવા પ્રાંતની ઓળખ પ્રગટ કરતી હોય.

**(૧૩) નરસિંહ મહેતા પદગાન સ્પર્ધા ( ફક્ત આંતર કોલેજ માટે ) :-**

1) આ સ્પર્ધામાં **દરેક કોલેજમાંથી એક સ્પર્ધક ભાગ** લઈ શકશે.
2) આ સ્પર્ધામાં **માત્ર ભક્તકવિ નરસિંહ મહેતાની કોઈ એક રચનાનું ગાયન** કરવાનું રહેશે.
3) સ્પર્ધા માટે **સમયમર્યાદા વધુમાં વધુ ૧૦ મિનિટ** રહેશે.
4) ગાયક **સ્પર્ધક ઉપરાંત વધુમાં વધુ ત્રણ સાજિંદા ભાગ** લઈ શકશે.
5) વધુમાં **વધુ બે સહાયકો રાખી** શકાશે.
6) સ્વર, તાલ, રાગની પસંદગી, કમ્પોઝીશન તથા સમગ્ર અસરને નિર્ણયકશ્રી ધ્યાને રાખશે.
7) વાજિંત્ર **સ્પર્ધકે પોતાના લાવવાના** રહેશે.

## [II] નૃત્ય વિભાગ :

**(૧) શાસ્ત્રીય નૃત્ય (Classical Dance) :-**

1) આ સ્પર્ધામાં માટે **દરેક કોલેજ એક જ નર્તક ને મોકલી** શકશે .
2) નીચેના પ્રકારોમાંથી કોઇપણ એક પર નૃત્ય રજૂ કરી શકાશે.
   - **૧) કથ્થક**
   - **૨) ભરતનાટ્યમ્**
   - **૩) મણીપુરી કે કુચીપુડી**
   - **૪) કથ્થકલી**
   - **૫) મોહિનીઅટ્ટમ્**
3) શાસ્ત્રીય નૃત્ય સ્પર્ધામાં **સમયમર્યાદા ૧૨ થી ૧૫ મિનિટની** રહેશે.
4) મુલ્યાંકનમાં તાલ, ટેકનિક, રીધમ, હાવભાવ, વેશ-પરિધાન, ફૂટવર્ક (પઠભંગિઓ) અને સમગ્ર અસરને ધ્યાનમાં રાખી નિર્ણય લેવામાં આવશે.
5) **સાથે સંગીતમાં વધુમાં વધુ ત્રણ વ્યક્તિઓ રાખી શકાશે.**
6) **સ્પર્ધામાં કેસેટનો ઉપયોગ કરી શકાશે નહિ**
7) સંગીત પેહેલાથી **રેકોર્ડ કરેલું ચાલશે નહિ**.
8) વધુ માહિતી માટે AIUની વેબસાઇટ પર અંગ્રેજી નિયમોનો અભ્યાસ કરવો.

**(૨) સમૂહ નૃત્ય/રાસ/આદિવાસી નૃત્ય (Folk Tribal Dance) :-**

1) આ સ્પર્ધામાં ભાગ લેનાર **કલાકારોની સંખ્યા વધુમાં વધુ ૧૦+૫ સ્પર્ધક તથા સાજીંદાઓની** રહેશે.
2) સમૂહ નૃત્યની **સમયમર્યાદા ૧૦ મિનિટની** રહેશે.
3) સમૂહ નૃત્ય **ભારતીય શૈલીમાં જ રજૂ કરી** શકાશે.
4) આ સ્પર્ધામાં સાજિંદાઓની ગેરહાજરીમાં વધુમાં વધુ ૧૫ સ્પર્ધકો ભાગ લઈ શકશે.
5) આ સ્પર્ધામાં એકલા ભાઈઓ અથવા બહેનો અથવા ભાઈઓ - બહેનોની એવી કોઇ પણ ટુકડી ભાગ લઈ શકશે.
6) વધુમાં વધુ પાંચ સહાયકો રાખી શકાશે. (નોંધ સહાયકોની ગેરહાજરીમાં પંદર વ્યક્તિઓ નૃત્યમાં ભાગ લઈ શકશે.)
7) ગીતની કૃતિ, શીર્ષક અને વિષયવસ્તુની ચાર નકલ એન્ટ્રી સાથે મોકલવાની રહેશે.
8) સ્પર્ધક ટીમે સ્પર્ધા પૂરી થયે પોતાની સાધન-સામગ્રી સ્ટેજ પરથી તાત્કાલિક ખેસડી લેવાની રહેશે.
9) નિર્ણાયકો લય-તાલ, રજૂઆત, પોષાક, શણગાર, સેટ્સ, સંયોજન અને સમગ્ર અસરને નિર્ણયમાં અગ્રતા આપશે.
10) સમુહ નૃત્યમાં નીચે પ્રમાણેના કાર્યક્રમોનો સમાવેશ થઇ શકશે. (a) ટિપ્પણી નૃત્ય (b) માછીમાર (c) વણઝારા (d) ખેડૂત વગેરેનાં નૃત્ય (e) આદિવાસીઓના નૃત્ય (f) પ્રાચીન રાસ તેમજ પરપ્રાંત સહિતના નૃત્યો રજૂ કરી શકાશે.
11) આ સ્પર્ધામાં સ્પર્ધકે નૃત્ય કરતાની સાથે ગાઇ શકશે તેમજ સાજિંદાઓ સાથે બેસીને પણ ગાઇ શકશે. સી.ડી. ઉપર સમૂહ નૃત્ય રજૂ કરી શકાશે નહિ તેમજ કોલર માઇક પણ ચાલશે નહિ.
12) વધુ માહિતી માટે AIUની વેબસાઇટ પર અંગ્રેજી નિયમોનો અભ્યાસ કરવો.

**BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH**
[Gujarat Public Universities Act No. 15/2023]
Government Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362262 (Gujarat)
Ph: 0285-2681400 : Cultural.bknmu@gmail.com : registrar@bknmu.edu.in

## [III] સાહિત્ય વિભાગ (Literary Events) :

### (૧) ક્વિઝ (Quiz) : -

1) દરેક **કોલેજ માંથી ત્રણ વિદ્યાર્થીઓના એક ગૃપની એન્ટ્રી** મોકલવાની રહેશે.
2) પ્રાથમિક (પહેલો) **રાઉન્ડ લિખિત રૂપમાં** રહેશે અને **ફાઈનલ માટે ટીમની પસંદગી કરવામાં આવશે**. લિખિત રાઉન્ડમાં બન્ને વિદ્યાર્થીના સરેરાશ માર્ક પસંદગી માટે ગણાશે.
3) ફાઈનલ **રાઉન્ડ દ્રશ્ય-શ્રાવ્ય પ્રશ્નો સાથેનો મૌખિક રૂપનો** રહેશે.
4) મૂલ્યાંકન **પદ્ધતિ, ઉત્તરો આપવાની સમયમર્યાદા અને વિવિધ પ્રકારના રાઉન્ડ વિશેના ચોક્કસ નિયમો સ્પર્ધા શરૂ થતાં પહેલાં આપવામાં આવશે**.
5) વધુ માહિતી માટે AIUની વેબસાઇટ પર અંગ્રેજી નિયમોનો અભ્યાસ કરવો.

### (૨) વક્તૃત્વ સ્પર્ધા (Elocution) :-

1) સ્પર્ધા **ગુજરાતી, હિન્દી કે અંગ્રેજી** ભાષામાં રહેશે.
2) સ્પર્ધાનો વિષય નક્કી કરીને **યુનિવર્સિટી તરફથી ૨૪ કલાક પહેલાં પરિપત્ર / જાહેરાત કરવામાં** આવશે.
3) **રાષ્ટ્રની એક્તાને પોષે, સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં ફાળો આપે, યુવાનોને સ્વતંત્ર રીતે પોતાના વિચારો રજૂ કરવાની તક આપે એવા વિષયો સામાન્ય રીતે પસંદ** કરવામાં આવશે.
4) સ્પર્ધાની **સમયમર્યાદા પાંચ મિનિટની રહેશે**. આંતર યુનિવર્સિટી ક્ષાએ ઓછામાં ઓછી ૪ વધુમાં વધુ ૫ મિનિટ રહેશે.
5) આ સ્પર્ધા માટે **એક સ્પર્ધક્ને કોલેજ કક્ષાએ સ્પર્ધા યોજીને તેમાંથી પસંદ કરીને મોક્લવા** જાણ કરવામાં આવે છે.
6) આ સ્પર્ધામાં કોઈ પણ પ્રકારના પેપર અથવા લેખિત સામગ્રી / ફોટો ઝેરોક્ષ નો આધાર લઇ શકાશે નહિ.
7) સ્પર્ધક્નો ક્રમ ડ્રો દ્વારા નક્કી થશે.
8) વધુ માહિતી માટે AIUની વેબસાઇટ પર અંગ્રેજી નિયમોનો અભ્યાસ કરવો.

### (3) ડીબેટ (Debate) :-

1) ડીબેટ સ્પર્ધા માટે **જે-તે કોલેજ બે વ્યક્તિ પસંદ કરીને મોકલી શકશે**. એક વ્યક્તિ વિષયની તરફેણમાં બીજી વ્યક્તિ વિષયની વિરુદ્ધમાં બોલશે.
2) ડીબેટ સ્પર્ધાનો વિષય ૨૪ ક્લાક અગાઉ કલ્ચરલ સેલ દ્વારા પરિપત્ર મારફત સ્પર્ધકોને જાણ કરવામાં આવશે.
3) ડીબેટ સ્પર્ધાનો કુલ સમય ઓછામાં ઓછી ૦૮ અને વધુમાં વધુ ૧૦ મિનિટનો રહેશે.
4) પ્રતિ સ્પર્ધકને પાંચ મિનિટ પ્રતિ સ્પર્ધા માટે ફાળવવામાં આવશે.
5) બંને સ્પર્ધકો વચ્ચે **વધુમાં વધુ ૧૦ મિનીટ આપવામાં આવશે.** ( બંને સ્પર્ધકોને પોતાની રજૂઆત માટે પ્રતિ સ્પર્ધક ૦૫ મિનીટ આપવામાં આવશે, એટલે કે બે સ્પર્ધકો વચ્ચે ૧૦ મીનીટ ફાળવવામાં આવશે.)
6) વધુ માહિતી માટે AIUની વેબસાઇટ પર અંગ્રેજી નિયમોનો અભ્યાસ કરવો.

### (૪) કાવ્યપઠન :-

1) પ્રત્યેક સંસ્થા દ્વારા માત્ર એક જ સ્પર્ધક માન્ય રહેશે.
2) અભિવ્યક્તિનું માધ્યમ ગુજરાતી, હિંદી કે અંગ્રેજી રહેશે.
3) પ્રસ્તુતિની સમયમર્યાદા **મહતમ ૫ મિનિટ અને લઘુતમ ૩ મિનિટની** રહેશે.
4) કવિતાની **નકલ કવિના નામ સાથે ઇન્ચાર્જ પ્રોફેસરને અગાઉથી આપી** દેવાની રહેશે.
5) નિર્ણાયકો દ્વારા લેવાયેલો નિર્ણય સર્વોપરી રહેશે.
6) વધુ માહિતી માટે AIUની વેબસાઇટ પર અંગ્રેજી નિયમોનો અભ્યાસ કરવો.

**(૫) શોર્ટ ફિલ્મ :-**

1) સંસ્થા દીઠ માત્ર એક જ એન્ટ્રી મોકલવાની રહેશે.
2) આ સ્પર્ધામાં કોઈ અન્ય દ્વારા અગાઉથી રેકોર્ડ થયેલા તથા સોશિયલ મીડિયા પર ઉપલબ્ધ વીડિઓનો ઉપયોગ કરી શકાશે નહિ.
3) અભિવ્યક્તિનું માધ્યમ **ગુજરાતી, હિંદી કે અંગ્રેજી** રહેશે.
4) પ્રસ્તુતિની **સમયમર્યાદા મહતમ ૫ મિનિટ** અને **લઘુતમ ૩ મિનિટની** રહેશે.
5) ભારત/ગુજરાતનો ભવ્ય વારસો/સંસ્કૃતિ, સ્વાતંત્ર્યસંગ્રામ, સામાજિક જાગૃતિ જેવા વિષયો પર શોર્ટફિલ્મ બનાવી શકાશે.
6) વધુ માહિતી માટે AIUની વેબસાઈટ પર અંગ્રેજી નિયમોનો અભ્યાસ કરવો.

## [IV] નાટ્ય વિભાગ (Theatre) :

**(૧) એકાંકી (One Act Play) :-**

1) એકાંકી સ્પર્ધા માટેનો **સમય ૨૫ થી ૩૦ મિનિટનો રહેશે**. આ સમયમર્યાદામાં નાટકના સિનોપ્સીઝનો સમય પણ ગણત્રીમાં લેવામાં આવશે. **કલાકારોની સંખ્યા પ્રોમ્પટર સહિત ૧૨ થી વધુ રાખવા દેવામાં આવશે નહિ**. સંખ્યામાં દિગ્દર્શક અને સહાયકો વગેરેનો સમાવેશ થઇ જાય છે. પાત્ર ભજવનાર કલાકારો કોલેજના/ ભવનોના વિધાર્થીઓ જ હોવા જોઇએ.
2) યુનિવર્સિટી શક્ય હશે ત્યાં સુધી ખુરશી. ટેબલ કે સ્ટૂલ જેવું ફર્નિચર પૂરું પાડશે, પરંતુ તે સિવાય અન્ય કોઇ સામગ્રી કે ફર્નિચરની જરૂર હોય તો તેની વ્યવસ્થા એકાંકી ભજવતી કોલેજે કરી લેવાની રહેશે.
3) એકાંકી સ્પર્ધામાં ટેકનીક, લાઇટિંગ, સેટિંગ વગેરેના ગુણ આપવામાં આવતા નથી, તેનો સ્પષ્ટ ખ્યાલ સ્પર્ધામાં ભાગલેતી કોલેજે રાખવાનો રહેશે. અભિનય, હલન-ચલન, કૃતિની પસંદગી, કલા, અભિરૂચિ, તખ્તાલાયકી. સંવાદોની અભિવ્યક્તિ પ્રેક્ષકગણ ઉપર પડતો પ્રભાવ વગેરેને પ્રાધાન્ય આપતા એકાંકીઓ પસંદ કરવા ઈચ્છનીય છે. કારણ કે ગુણ આપતી વખતે આ બાબતોને મહત્ત્વ આપવામાં આવશે. ૩૦ મિનિટ કરતાં વધુ સમય લેવામાં આવે તેવા નાટકોને ઓછા ગુણ આપવામાં આવશે.
4) વ્યક્તિગત ટીકા, વ્યંગ કે બિભત્સ શબ્દ પ્રયોગ તેમજ હિંસાના દ્રસ્યો રજૂ કરી શકાશે નહિ.
5) ઉક્ત સ્પર્ધામાં ભાગ લેનાર વિધાર્થીઓ, સહાયકો, દિગ્દર્શક વગેરે અંગે આપેલી માહિતીમાંથી કોઇ માહિતી ખોટી પૂરવાર થાય અથવા નાટકની મૂળ કથાવસ્તુઓમાં કોઇ ફેરફાર કરવામાં આવે કે કોઈપણ પ્રકારની ગેરરીતિ આચરેલી હોય અથવા કાર્યક્રમ દરમ્યાન કોઇ એવા સંજોગો ઊભા થાય જેથી નાટકને સ્પર્ધામાંથી બાકાત રાખવાની જરૂર જણાય અથવા આવા પ્રકારના કોઇ કારણો ઉપસ્થિત થાય તો તેવા નાટકોને શરૂ કરતાં પહેલાં કે છેલ્લી મિનિટે સ્પર્ધામાંથી રદ કરવાની સત્તા યુનિવર્સિટીની રહેશે. જેની સામે કોઇ અપિલનો અવકાશ રહેશે નહિ.
6) એકાંકી સ્ક્રીપ્ટની નકલ એન્ટ્રી ફોર્મ સાથે જ મોકલવાની રહેશે. તે સિવાયની એન્ટ્રી રદ ગણાશે.
7) બને ત્યાં સુધી વારંવાર રજૂ થયેલા એકાંકીઓ ફરી રજૂ ન થાય તે માટે ભાગ લેનાર કોલેજોએ એકાંકી પસંદ કરતી વખતે ધ્યાન રાખવું જરૂરી છે.
8) વધુ માહિતી માટે AIUની વેબસાઈટ પર અંગ્રેજી નિયમોનો અભ્યાસ કરવો.

**(૨) લઘુનાટક (સ્કીટ) (Skits) :-**

1) સંસ્થાદીઠ **એક જૂથ જ ભાગ લઇ** શકશે.
2) આ સ્પર્ધામાં **વધુમાં વધુ ૬ સ્પર્ધકો ભાગ** લઇ શકશે.
3) રજૂઆત માટે **મહત્તમ સમય ૮ થી ૧૦ મિનિટ ફાળવવામા** આવશે.
4) વેશભૂષા, નેપથ્ય અને પાશ્ચાત્ સંગીતનો ઉપયોગ કરી શકાશે.
5) વ્યક્તિગત ટીકા, વ્યંગ કે બિભત્સ શબ્દ પ્રયોગ તેમજ હિંસાના દ્રસ્યો રજૂ કરી શકાશે નહિ.
6) નોંધણી સાથે લઘુનાટકના (**ગુજરાતી, હિન્દી, અંગ્રેજી**) વિષયવસ્તુનો લેખિત ટૂંકસાર ત્રણ નકલમાં જોડવાનો રહેશે.
7) નિર્ણય મુખ્યત્વે **નાટકીય રજૂઆત, મંચકલા, વિષયવસ્તુ અને સમગ્ર અસર પર આધારિત** રહેશે.
8) બિભત્સ અને કટાક્ષથી દૂર રહી ફક્ત નિર્દોષ વ્યંગ અને હાસ્ય અપેક્ષિત રહેશે.
9) વધુ માહિતી માટે AIUની વેબસાઈટ પર અંગ્રેજી નિયમોનો અભ્યાસ કરવો.

## (૩) મુક અભિનય (માઈમ) (Mime) :-

1) આ સ્પર્ધામાં દરેક કોલેજમાંથી **વધુમાં વધુ છ સ્પર્ધકો** મોકલી શકાશે.
2) આ સ્પર્ધાની **સમયમર્યાદા પાંચ મિનિટની** રહેશે.
3) સ્પર્ધામાં સ્પર્ધકને કોઈપણ પ્રાસંગિક મૂક અભિનય રજૂ કરવાનો રહેશે.
4) મૂક અભિનયમાં વિચાર-વસ્તુ, રજૂ આતની છટા, મેકઅપ, પોષાક, સંગીત, સમગ્ર શરીરનું હલન-ચલન. હાવભાવ તથા સમગ્ર અસરને નિર્ણાયકો લક્ષમાં લેશે.
5) વધુ માહિતી માટે AIUની વેબસાઈટ પર અંગ્રેજી નિયમોનો અભ્યાસ કરવો.

## (૪) મિમિક્રી (Mimicry) :-

1) આ સ્પર્ધામાં એકજ સ્પર્ધક ભાગ લઇ શકશે.
2) દરેક વિદ્યાર્થી કલાકારને પ્રાદેશિક તથા રાષ્ટ્રીય મહોત્સવમાં પોતાની કૃતિ રજૂ કરવા માટે **પાંચ મિનિટની સમયમર્યાદા** આપવામાં આવશે.
3) સ્પર્ધક વાણીના અવાજથી ફિલ્મ કલાકારો સહિતની જાણીતી વ્યક્તિઓની મિમિક્રી કરી શકશે.
4) અનુકરણની પ્રતિભા, સમાજનું વૈવિધ્ય તથા સમગ્ર રજૂઆતને આધારે નિર્ણય લેવામાં આવશે.
5) વધુ માહિતી માટે AIUની વેબસાઈટ પર અંગ્રેજી નિયમોનો અભ્યાસ કરવો.

# [V] કલા વિભાગ (Fine Art) :

## (૧) ચિત્રકળા (તત્કાલ ચિત્ર કળા ) (On the Spot Painting) :-

1) આ સ્પર્ધામાં **એક જ સ્પર્ધક ભાગ લઈ શકશે**.
2) સ્પર્ધાના સંચાલક તરફથી આપવામાં આવેલ વિષય પર તત્કાલ ચિત્રકામ કરવાનું રહેશે.
3) આ સ્પર્ધાની **સમયમર્યાદા ૨ કલાક ૩૦ મિનિટની** રહેશે.
4) ચિત્રકામ ડ્રોઇંગ **પેપરની સાઈઝ ૨૨" × ૧૫"** ની રહેશે.
5) ચિત્રકામ ઓઈલ, વોટર કલર, પોસ્ટર ક્લરમાં કરી શકાશે.
6) વ્યવસ્થાપક તરફથી માત્ર ડ્રોઇંગ પેપર પૂરા પાડવામાં આવશે. જ્યારે સ્પર્ધકે આ સ્પર્ધા માટે તમામ સામગ્રી જેવી કે બ્રશ, કલર, વગેરે લાવવાના રહેશે.
7) રંગ-રેખા કૌશલ્ય, આકાર, બંધારણ, સપ્રમાણતા, સર્જ નક્ષમતાને ધ્યાને લઇને નિર્ણય લેવામાં આવશે.
8) વધુ માહિતી માટે AIUની વેબસાઈટ પર અંગ્રેજી નિયમોનો અભ્યાસ કરવો.

## (૨) કોલાજ (Collage) :-

1) આ સ્પર્ધામાં **એક જ સ્પર્ધક ભાગ લઈ શકશે**.
2) કોલાજ નક્કી કરેલા સ્થાને/વિષયે બનાવવાનો રહેશે. પે**પર સાઈઝનું માપ ૧૫'' x ૨૨''.**
3) સમયમર્યાદા **૨ કલાક ૩૦** મિનિટ રહેશે.
4) સ્પર્ધકોએ પોતાની કાતર, ગુંદર અને અન્ય સામગ્રી લાવવાની રહેશે.
5) કોલાજ જૂના સામાયિકોમાંથી જ બનાવવાનું રહેશે. યુનિવર્સિટી દ્વારા જાડો કાગળ (ડ્રોઇંગ પેપર) આપવામાં આવશે.
6) કલ્પનાશક્તિ, સંયોજ નશક્તિ, સર્જનાત્મક્તા વગેરે મુદ્દા ધ્યાને લઈને નિર્ણય લેવાશે.
7) વધુ માહિતી માટે AIUની વેબસાઈટ પર અંગ્રેજી નિયમોનો અભ્યાસ કરવો.

BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Gujarat Public Universities Act No. 15/2023]
Government Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362262 (Gujarat)
Ph: 0285-2681400 : Cultural.bknmu@gmail.com : registrar@bknmu.edu.in

## (૩) પોસ્ટર મેકિંગ (Poster Making) :-

1) દરેક સંસ્થામાંથી **એક સ્પર્ધક જ પ્રતિનિધિત્વ કરી શકશે**.
2) ભાગ લેનાર સ્પર્ધકને સ્પર્ધાના નિયુક્ત કરેલ ચેરમેન તરફથી આપવામાં આવેલ વિષય-મુદ્દા પર પોસ્ટર બનાવવાનું રહેશે. જે ચિત્રકામ નથી પરંતુ તેમાં ગ્રાફીક્સ અને ટેક્સ્ટનું સંયોજન છે.
3) સ્પર્ધાની સમયમર્યાદા **૦૨ કલાક ૩૦મિનિટની** રહેશે.
4) દરેક સ્પર્ધકે સ્પર્ધાને લગતા સાધન-સામગ્રી સાથે લાવવાના રહેશે.. ૨૨"-૧૫" ની સાઈઝના ડ્રોઇંગ પેપર/શીટ યુનિવર્સિટી તરફથી આપવામાં આવશે.
5) વિષય, દ્રષ્ટિકોણ, કલ્પનાશક્તિ. સર્જનાત્મક્તા. વિચારને ધ્યાને લઈને નિર્ણય લેવામાં આવશે.
6) વધુ માહિતી માટે AIUની વેબસાઈટ પર અંગ્રેજી નિયમોનો અભ્યાસ કરવો.

## (૪) કલે મોડેલીંગ (Clay Modeling) :-

1) સ્પર્ધક માનવી, પશુ કે પક્ષીના મોડલ પૂર્ણ અથવા સપાટી પર ઉપસાવીને બનાવી શકશે. વિષય સ્પર્ધા સમયે આપવામાં આવશે.
2) દરેક સંસ્થામાંથી એક સ્પર્ધક પ્રતિનિધિત્વ કરી શકશે.
3) નમૂનો નક્કી કરેલ સમય અને સ્થાને બનાવવાનો રહેશે.
4) સ્પર્ધાનો સમય ૨ કલાક ૩૦ મિનિટનો રહેશે.
5) સ્પર્ધકે પોતાના માટે જરૂરી માટી, સિન્થેટીક માટી અથવા અન્ય વસ્તુ પોતે જ લાવવાની રહેશે.
6) બનાવેલ નમૂનાની ઊંચાઈ ૧૦" થી ઓછી ન હોવી જોઈએ.
7) આગવી સૂઝ, સર્જનાત્મક્તા, સપ્રમાણતા વગેરે ધ્યાને લેવાશે.
8) વધુ માહિતી માટે AIUની વેબસાઈટ પર અંગ્રેજી નિયમોનો અભ્યાસ કરવો.

## (૫) કાર્ટુનિંગ (Cartooning) :-

1) દરેક કોલેજ એક સ્પર્ધક મોકલી શકશે.
2) તત્કાળ આપવામાં આવેલા વિષય અંગેની કૃતિ રજૂ કરવાની રહેશે.
3) **૦૨ કલાક ૩૦ મિનિટથી** વધારે સમયમર્યાદા રહેશે નહીં.
4) યુનિવર્સિટી દ્વારા સ્પર્ધકોને **૨૨"×૧૫"** નો ડ્રોઇંગ પેપર સ્પર્ધકને આપવામાં આવશે તે સિવાયની તમામ સામગ્રી સ્પર્ધકે લાવવાની રહેશે.
5) આકાર, કૌશલ્ય, આગવી લાક્ષણિક્તા, કલ્પનાશક્તિ, સમગ્ર અસરને ધ્યાને લેવાશે
6) વધુ માહિતી માટે AIUની વેબસાઈટ પર અંગ્રેજી નિયમોનો અભ્યાસ કરવો.

## (૬) રંગોળી (Rangoli) :-

1) દરેક કોલેજમાંથી પસંદ થયેલ એક જ વિદ્યાર્થી સ્પર્ધામાં ભાગ લઈ શકશે.
2) રંગોળી કામ સ્થળ પર જ તેમજ આપેલ જગ્યામાં જ કરવાનું રહેશે.
3) સ્પર્ધાનો સમય ૦૨ કલાક ૩૦ મિનીટનો રહેશે.
4) રંગોળી સ્પર્ધા માટે જરૂરી સાધન-સામગ્રી સ્પર્ધકે લાવવાની રહેશે.
5) રંગોળી સ્પર્ધાનો વિષય નિર્ણાયકો તરફથી આપવામાં આવશે.
6) નિર્ણાયકો સમગ્ર કૃતિનું મૂલ્યાંકન કરશે.
7) રંગ કૌશલ્ય, આકાર વૈવિધ્ય, સપ્રમાણતા, સમગ્ર અસર વગેરે ધ્યાને લેવાશે.
8) વધુ માહિતી માટે AIUની વેબસાઈટ પર અંગ્રેજી નિયમોનો અભ્યાસ કરવો.

**(૭) તત્કાલ છબીકલા: ( ફોટોગ્રાફી ) : -**

1) કોલેજ/સંસ્થા **એક સ્પર્ધકને** મોકલી શકશે.
2) સ્પર્ધકે પોતાનો ડિજીટલ કેમેરો સાથે લાવવાનો રહેશે. **જે ૧૨ મેગા પિકસલથી વધારે ન હોવો** જોઇએ.
3) ડિજીટલ કેમેરામાં મેમરી કાર્ડ હોવું જરૂરી છે. જે સ્પર્ધા પૂર્વે નિર્ણાયકોને ચકાસવાનું રહેશે.
4) સમય મર્યાદા **૨:૩૦ કલાકની** રહેશે.
5) નિર્ણાયકો દ્વારા સ્પર્ધાના સમયે જ જે વિષય (થીમ) જાહેર કરે તેના ઉપર સ્પર્ધકે 05 ( પાંચ ) ફોટો તત્કાલ પડવાના રહેશે. જેના આધારે નિર્ણાયકો નિર્ણય લેશે.
6) તસ્વીરોમાં મીકસીંગ, મેચિંગ અથવા મર્ફિંગની મંજૂરી આપવામાં આવશે નહિ.
7) એનહેન્સીંગ ઇમેજીસ માટે ફોટોશોપ વગેરે સોફ્ટવેરની મંજૂરી આપવામાં આવશે નહિ.
8) સ્પર્ધામાં પ્રાપ્ત તસ્વીરોનો યોગ્ય જણાય ત્યાં ઉપયોગ કરવા માટે આયોજક સંસ્થાને તમામ અધિકાર રહેશે.
9) (૧) વિષય (૨) આગવો દ્રષ્ટિકોણ (૩) પ્રભાવ (૪) સંયોજન પર નિર્ણાયકો નિર્ણય આપશે.
10) સુસંગતતા-સુયોગ્યતા અને આધારોમાં ડીજીટલ ઇમેજીસના ગુણાંકો માન્ય ગણાશે.
11) વધારાની સૂચનાઓ સ્પર્ધા સમયે-તે ક્ષણે જ જણાવવામાં આવશે.
12) વધુ માહિતી માટે AIUની વેબસાઇટ પર અંગ્રેજી નિયમોનો અભ્યાસ કરવો.

**(૮) મહેંદી : -**

1) દરેક કોલેજમાંથી પસંદ થયેલ એક જ વિદ્યાર્થી સ્પર્ધામાં ભાગ લઈ શકશે.
2) મહેંદી કામ સ્પર્ધાના સ્થળ પર જ કરવાનું રહેશે.
3) સ્પર્ધાનો સમય **૨:૩૦ કલાકનો** રહેશે.
4) મહેંદી સ્પર્ધા માટે જરૂરી સાધનો-સામગ્રી સ્પર્ધકે લાવવાની રહેશે.
5) મહેંદી સ્પર્ધાનો વિષય નિર્ણાયકો તરફથી આપવામાં આવશે.
6) નિર્ણાયકો દ્વારા લીધેલ નિર્ણય અંતિમ અને સર્વોપરી રહેશે.
7) આકૃતિની વૈવિધ્યતા,સ્વચ્છતા,સુઘડતા,તેમજ અભિવ્યક્તિની સૂક્ષ્મતા વગેરે ધ્યાને લઇ મૂલ્યાંકન કરવામાં આવશે.
8) વધુ માહિતી માટે AIUની વેબસાઇટ પર અંગ્રેજી નિયમોનો અભ્યાસ કરવો.

**(૯) ઈન્સ્ટોલેશન :-**

1) ઇન્સ્ટોલેશનના વિષય અથવા શીર્ષક સાથે સંબંધિત કલાકૃતિની રચના કરવી.
2) સ્પર્ધકોએ ભૌતિક સામગ્રીને સાથે લાવવાની રહેશે અને તેને **૦૨:૩૦ કલાકના** સમયગાળા કલાત્મક રીતે રચવાની રહેશે.
3) સ્પર્ધકો આસ-પાસમાં ઉપલબ્ધ નકામી/બિનઉપયોગી સામગ્રીનો પણ ઉપયોગ કરી શકે છે, અથવા બહારથી પણ કોઈપણ નકામી/બિનઉપયોગી સામગ્રી લાવી શકે છે.
4) **બજારમાં ઉપલબ્ધ હોય એવી તૈયાર સામગ્રીનો ઉપયોગ કરવાની મનાઈ છે**.
5) વધુમાં **વધુ ચાર (4) સહભાગીઓ/સ્પર્ધકો ભાગ લઈ શકે** છે.
6) ઇંસ્ટોલેશન ની મહત્તમ સાઈઝ ૫ * ૫ * ૫ ની રહેશે.
7) વધુ માહિતી માટે AIUની વેબસાઇટ પર અંગ્રેજી નિયમોનો અભ્યાસ કરવો.

## - : કલાયાત્રાના નિયમો : -

(૧) કલાયાત્રાનો માર્ગ યુનિવર્સિટીની અનુકૂળતા, સૂચના, તેમજ માર્ગદર્શન મુજબ રહેશે.

(૨) પ્રત્યેક સંસ્થા (ટીમ)ની રજૂઆતમાં વેશભૂષા, રજૂઆતની શૈલી, ગાયન, વાદન, નૃત્ય સૂત્રોચ્ચાર અને સમગ્ર રજૂઆત પ્રભાવને ધ્યાનમાં લઇ નિર્ણાયકો નિર્ણય કરશે.

(૩) કલાયાત્રા માટે જરૂરી સઘળી સામગ્રી ભાગ લેનાર જે-તે સંસ્થાએ સ્વયં લાવવાની રહેશે.

(૪) કલાયાત્રામાં વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેનાર સ્પર્ધક સિવાયના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે નહિ.

(૫) રાજકીય-સામાજિક-ધાર્મિક કે જાતિગત વિષયને ધ્યાને લઈને અસભ્ય અરૂચિકર કે અભદ્ર પ્રકારની પ્રસ્તુતિ કરનાર સંસ્થાને અમાન્ય ગણવામાં આવશે.

(૬) ક્લાયાત્રામાં જે-તે સંસ્થાના ટીમ મેનેજરશ્રીઓએ પોતાની ટીમ સાથે રહેવું ફરજિયાત છે.

(૭) ક્લાયાત્રામાં પ્રથમ, દ્વિતીય કે તૃતિય આવનાર ટીમના પોઈન્ટ ગણત્રીમાં લેવાશે. પોઈન્ટની ગણત્રી સામૂહિક સ્પર્ધાના રૂપની રહેશે.

(૮) ક્લાયાત્રામાં ભાગ લેનાર સંસ્થા કે સ્પર્ધકોએ જાહેર-જ નતાને અડચણ- મુશ્કેલી પડે તેવી પ્રવુતિઓ કે વ્યવહાર કરવો નહિ.

**નોંધ:- વધુ સ્પષ્ટતા માટે અંગ્રેજીમાં લિખિત AIUના નિયમોનો અભ્યાસ કરવો.**

# BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH

[Gujarat Public Universities Act No. 15/2023]
Government Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362262 (Gujarat)
Ph: 0285-2681400 : Cultural.bknmu@gmail.com : registrar@bknmu.edu.in


## આઠમા યુવક મહોત્સવ "કલા ઉત્સવ – ૨૦૨૬"ની વિવિધ સ્પર્ધાઓની સંક્ષિપ્ત માહિતી

### ॥ સંગીત વિભાગ ॥

| ક્રમ | કૃતિ/ સ્પર્ધા | વિદ્યાર્થઓની સંખ્યા | સહાયકો ની સંખ્યા | સમય મિનીટ |
|---|---|---|---|---|
| ૧ | શાસ્ત્રીય કંઠ્ય સંગીત | ૧ | ૨ | ૧૦ |
| ૨ | શાસ્ત્રીય વાદ્ય સંગીત (તાલવાદ્ય) | ૧ | ૨ | ૧૦ |
| ૩ | શાસ્ત્રીય વાદ્યસંગીત (સ્વરવાદ્ય) | ૧ | ૨ | ૧૦ |
| ૪ | પશ્ચિમી વાદ્ય સંગીત (વ્યક્તિગત) | ૧ | ૨ | ૦૮ |
| ૫ | પશ્ચિમી કંઠ્ય સંગીત (વ્યક્તિગત) | ૧ | ૨ | ૬ |
| ૬ | હળવું કંઠ્ય સંગીત (વ્યક્તિગત) | ૧ | ૨ | ૬ |
| ૭ | સમૂહગીત ( પશ્ચિમી ) | ૬ | ૩ | ૧૦ |
| ૮ | સમૂહગીત ( ભારતીય ) | ૬ | ૩ | ૧૦ |
| ૯ | સમૂહ લોકવાદ્ય સંગીત | ૯ | ૩ | ૧૦ |
| ૧૦ | ભજન | ૧ | ૨ | ૭ |
| ૧૧ | દુહા-છંદ | ૧ | ૦ | ૫ |
| ૧૨ | લોકગીત | ૧ | ૨ | ૭ |
| ૧૩ | નરસિંહ મહેતાપદ ગાન | ૧ | ૨ | ૧૦ |

### ॥ નૃત્યવિભાગ ॥

| ક્રમ | કૃતિ/ સ્પર્ધા | વિદ્યાર્થીઓ ની સંખ્યા | સહાયકો ની સંખ્યા | સમય મિનીટ |
|---|---|---|---|---|
| ૧૪ | આદિવાસી નૃત્ય લોક નૃત્ય /પ્રાચીન રાસ | ૧૦ | ૫ | ૧૦ |
| ૧૫ | શાસ્ત્રીય નૃત્ય | ૧ | ૩ | ૧૫ |

### ॥ સાહિત્ય વિભાગ ॥

| ક્રમ | કૃતિ/ સ્પર્ધા | વિદ્યાર્થીઓ ની સંખ્યા | સહાયકો ની સંખ્યા | સમય મિનીટ |
|---|---|---|---|---|
| ૧૬ | પ્રશ્ન મંચ | ૩ | ૦ | ૦ |
| ૧૭ | વકતૃત્વ સ્પર્ધા | ૧ | ૦ | ૫ |
| ૧૮ | ડીબેટ | ૨ | ૦ | ૧૦ |
| ૧૯ | કાવ્ય પઠન | ૧ | ૦ | ૫ |
| ૨૦ | શોર્ટ ફિલ્મ | ૧ | ૦ | ૫ |

### ॥ નાટ્ય વિભાગ ॥

| ક્રમ | કૃતિ/ સ્પર્ધા | વિદ્યાર્થીઓ ની સંખ્યા | સહાયકો ની સંખ્યા | સમય મિનીટ |
|---|---|---|---|---|
| ૨૧ | એકાંકી | ૯ | ૩ | ૩૦ |
| ૨૨ | લઘુનાટક | ૬ | ૦ | ૧૦ |
| ૨૩ | મુક અભિનય | ૬ | ૦ | ૫ |
| ૨૪ | મિમિક્રી | ૧ | ૦ | ૫ |

### ॥ લલિત કલા અને સર્જનાત્મકતા વિભાગ ॥

| ક્રમ | કૃતિ/ સ્પર્ધા | વિદ્યાર્થીઓ ની સંખ્યા | સહાયકો ની સંખ્યા | સમય મિનીટ |
|---|---|---|---|---|
| ૨૫ | તત્કાલ ચિત્ર સ્પર્ધા | ૧ | ૦ | ૧૫૦ |
| ૨૬ | રંગોળી | ૧ | ૦ | ૧૫૦ |
| ૨૭ | કોલાઝ | ૧ | ૦ | ૧૫૦ |
| ૨૮ | પોસ્ટર મેકિંગ | ૧ | ૦ | ૧૫૦ |
| ૨૯ | કાર્ટુનિંગ | ૧ | ૦ | ૧૫૦ |
| ૩૦ | કલે મોડેલીંગ | ૧ | ૦ | ૧૫૦ |
| ૩૧ | તત્કાલ ફોટોગ્રાફી | ૧ | ૦ | ૧૫૦ |
| ૩૨ | મહેંદી | ૧ | ૦ | ૧૫૦ |
| ૩૩ | ઇન્સ્ટોલેશન | ૪ | ૦ | ૧૫૦ |

| | |
|---|---|
| ૩૪ | કલાયાત્રા: યુવક મહોત્સવનાં ઉદ્દ્ઘાટન પ્રસંગે કલાયાત્રા પ્રસ્થાન થશે જેમાં કોઈપણ થીમ પર કોલેજ/સંસ્થાના વિદ્યાર્થીઓ પ્રસ્તુતિ કરશે. |

D. H [signature]
ચીફ કો-ઓર્ડિનેટર,
"કલા ઉત્સવ – ૨૦૨૬"
યુવક મહોત્સવ